# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી

જિલ્લા સેવા સદન–૨,એનેક્ષી બિલ્ડીંગ, એસ.૪,૫,૬,ભાવનગર
ફોન નં.(૦૨૭૮) ૨૪૨૬૬૨૯, મો. ૯૯૦૯૯૭૦૨૧૨
Email : deo-bav@gujrat.gov.in, deobhavnagar@gmail.com

ક્રમાંક: યોજના/પર્યાવરણ દિવસ/૨૦૧૯/૧૮૮

તા.૧૦/૦૬/૨૦૧૯

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી/RMSA/ગ્રાન્ટેડ/નોન-ગ્રાન્ટેડ
માધ્યમિક/ઉ.માધ્યમિક શાળાઓ તમામ
ભાવનગર

વિષય : સ્વચ્છ ભારત મિશન અંતર્ગત વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે "બીટ એર પોલ્યુશન" વિષય પર તા.૦૫-૦૬-૨૦૧૯ થી તા.૧૧-૦૬-૨૦૧૯ દરમ્યાન સ્વચ્છતા સપ્તાહની ઉજવણી.

સંદર્ભ : સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ-મહાનગર પાલિકા ભાવનગરના પત્રાંક : સો.વે.મે.વિ.જા.નં.૩૪૭ તા.૦૪/૦૬/૨૦૧૯

ઉપરોક્ત વિષય સંદર્ભે જણાવવાનુ કે તા. તા.૦૫-૦૬-૨૦૧૯ થી તા.૧૧-૦૬-૨૦૧૯ દરમ્યાન વિશ્વ પર્યાવરણ સપ્તાહની ઉજવણી બાબતે નિયમોનુસારની કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારી
ભાવનગર

બિડાણ: ઉપર મુજબ

Scanned by CamScanner

स्वच्छ भारत
एक कदम स्वच्छता की ओर

150 YEARS OF CELEBRATING THE MAHATMA

# સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ – મહાનગરપાલિકા ભાવનગર

સો.વે.મે.વિ.જા.નં. ૩૪૭          તા. ૦૪-૦૬-૨૦૧૯

પ્રતિ,

(૧) ડિવીઝનલ મેનેજરશ્રી, ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન, ભાવનગર ડિવીઝન,ભાવનગર

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, રોડ અને બિલ્ડીંગ વિભાગ,ભાવનગર

(૩) ડિવીઝનલ રેલ્વે પ્રબંધકશ્રી, ભાવનગર રેલ્વે ડિવીઝન, ભાવનગર

(૪) મેડીકલ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી, સર ટી હોસ્પિટલ, ભાવનગર

(૫) પોલીસ અધિક્ષકશ્રી, એસ.પી. કચેરી, નવાપરા, ભાવનગર

(૬) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, બહુમાળી ભવન,ભાવનગર

(૭) એરપોર્ટ મેનેજરશ્રી, એરપોર્ટ, ભાવનગર

(૮) પોર્ટ ઓફિસરશ્રી, ગુજરાત મેરીટાઇમ બોર્ડ,નવા બંદર, ભાવનગર પોર્ટ ઓફિસ પાસે,ભાવનગર

(૯) મેનેજરશ્રી, હાઉસીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ કોર્પોરેશન,ભાવનગર

(૧૦) કમિશ્નરશ્રી, આયકર વિભાગ,જશોનાથ ચોક, નાકુબાગ,ભાવનગર

(૧૧) પ્રાદેશિક અધિકારીશ્રી, ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, પ્લોટ નંબર ૧૬૧૬ / ૧૬૧૭, પહેલો માળ, સ્વસ્તિક કોમ્પ્લેક્ષ,વીર મોખડાજી સર્કલ, ઘોઘા રોડ,ભાવનગર.

(૧૨) પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી, ટ્રાફિક શાખા, ભાવનગર મહાનગરપાલિકા સામે, ભાવનગર

જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી
આવક નં. 3639
તારીખ: 10/6/19
શાખા:

**વિષય : સ્વચ્છ ભારત મિશન અંતર્ગત વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે "બીટ એર પોલ્યુશન" વિષય પર તા.૦૫-૦૬-૨૦૧૯ થી તા. ૧૧-૦૬-૨૦૧૯ દરમ્યાન સ્વચ્છતા સપ્તાહની ઉજવણી**

સંદર્ભ : શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગુજરાત સરકારનો પરીપત્ર (ક્રમાંક: સભમ/૧૩૨૦૧૯/યુ.ઓ.આર/૯/થ/૧ તા. ૩૦-૦૫-૨૦૧૯)

Rcvd on 10-6-19 4 PM

ચોક્સી 10/6/19

સવિનય ઉપરોક્ત વિષય અને સંદર્ભીત પત્ર અન્વયે જણાવવાનું કે શહેરી વિસ્તારોમાં સઘન અને અસરકારક સફાઇ ઝુંબેશ દ્વારા શહેરોને સ્વચ્છ અને સુંદર બનાવવા માટે અને સ્વચ્છતાલક્ષી જનજાગૃતિ સુદ્રઢ કરવા રાજ્ય સરકારે તા. ૦૫-૦૬-૨૦૧૯ થી ૧૧-૦૬-૨૦૧૯ દરમ્યાન વિશ્વ પર્યાવરણ સપ્તાહ ઉજવવાનું નક્કી કરેલ છે આ દરમિયાન "બીટ એર પોલ્યુશન" વિષય પર સ્વચ્છતા સપ્તાહ ઝુંબેશ હાથ ધરવાની રહે છે.

Scanned by CamScanner

"સ્વચ્છતા ત્યાં પ્રભુતા" એ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીનો જીવન મંત્ર હતો ગાંધીજી વ્યક્તિગત અને સામૂહિક સ્વચ્છતાના જીવનભર આગ્રહી હતા આથી રાજ્યના તમામ શહેરો અને નગરો સ્વચ્છ બને તેમાં ૧૦૦ ટકા સફાઈ થાય એ સફાઇ ઝુંબેશનો મુખ્ય ઉદ્દેશ છે.

તા. ૦૫-૦૬-૨૦૧૯ થી ૧૧-૦૬-૨૦૧૯ દરમ્યાન "પર્યાવરણ અને સ્વચ્છતા અભિયાન" વિષય પર સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવાની હોય આ સફાઈ ઝૂંબેશમાં તમામ નાગરિકો સહભાગી થાય લોકોમાં સ્વચ્છતા અંગેની જાગૃતિ આવે અને સ્વચ્છતાની ટેવો કેળવાય તે માટે જાહેર સ્થળોની સઘન સફાઇ માટે ગુજરાત સરકારશ્રી દ્વારા સંદર્ભીત પત્ર મુજબનો પરીપત્ર કરવામાં આવેલ છે.

આથી આપશ્રીના અધિકારક્ષેત્ર / કાર્યક્ષેત્ર / વિસ્તારમાં જન પ્રતિનિધિશ્રીઓ તથા નાગરીકો આ ઉજવણીમાં મોટા પાયે જોડાય અને ઉત્સાહભેર ભાગ લે તે ધ્યાને લઇ પરીપત્ર મુજબની કામગીરી કરવા નમ્ર વિનંતી છે તેમજ મહાનગરપાલિકા વિસ્તારમાં આપશ્રી દ્વારા પરીપત્રના અનુસંધાને કરવામાં આવેલ કામગીરીના આધાર પુરાવાઓ / ફોટોગ્રાફ્સ / દસ્તાવેજીકરણની આપશ્રી દ્વારા નિભાવણી કરવામાં આવતી હોય તો તેની નકલ અમોને હાર્ડ કોપી અને સોફ્ટ કોપીમાં આપવા નમ્ર વિનંતી છે. ( ઈ મેઈલ એડ્રેસ : swmexnbmc@gmail.com )

સહકારની અપેક્ષા સહ.

**"નોંધ પર માન. કમિશ્નરશ્રીની મંજુરી અનુસાર"**

કાર્યપાલક ઈજનેર
સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ
ભાવનગર મહાનગરપાલિકા

**બિડાણ : સંદર્ભ દર્શિત પરીપત્રની નકલ**

**નકલ સવિનય જાણ થવા સારૂ:**

(૧) માન. કલેક્ટરશ્રી, જિલ્લા કલેક્ટર કચેરી, ભાવનગર

(૨) માન. કમિશ્નરશ્રી, મહાનગરપાલિકા, ભાવનગર

(૩) માન. નાયબ કમિશ્નરશ્રી (એડમીન), મહાનગરપાલિકા, ભાવનગર

Scanned by CamScanner

સ્વચ્છ ભારત મિશન અંતર્ગત વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે "બીટ એર પોલ્યુશન" વિષય પર તા.૫-૬-૨૦૧૯ થી ૧૧-૬-૨૦૧૯ દરમ્યાન સ્વચ્છતા સપ્તાહની ઉજવણી

ગુજરાત સરકાર
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ
પરિપત્ર ક્રમાંક:-સભમ-૧૩૨૦૧૯-યુઓઆર-૯-થ-૧
સચિવાલય, ગાંધીનગર
તા.૩૦-૦૫-૨૦૧૯

પરિપત્ર :-

શહેરી વિસ્તારોમાં સઘન અને અસરકારક સફાઇ ઝુંબેશ દ્વારા શહેરોને "સ્વચ્છ અને સુંદર" બનાવવા માટે અને સ્વચ્છતાલક્ષી જન જાગૃતિ સુદ્રઢ કરવા રાજય સરકારે તા.૦૫/૦૬/૨૦૧૯ થી તા.૧૧/૦૬/૨૦૧૯ દરમ્યાન વિશ્વ પર્યાવરણ સપ્તાહ ઉજવવાનું નક્કી કરેલ છે આ સપ્તાહ દરમિયાન " બીટ એર પોલ્યુશન" વિષય પર સ્વચ્છતા સપ્તાહ ઝુંબેશ હાથ ધરવાની રહે છે.

"સ્વચ્છતા ત્યાં પ્રભુતા" એ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીનો જીવન મંત્ર હતો. ગાંધીજી વ્યક્તિગત અને સામુહિક સ્વચ્છતાના જીવનભર આગ્રહી હતા. આથી રાજયના તમામ શહેરો અને નગરો સ્વચ્છ બને, તેમાં ૧૦૦ ટકા સફાઇ થાય, એ સફાઇ ઝુંબેશનો મુખ્ય ઉદ્દેશ છે.

તા.૦૫/૦૬/૨૦૧૯ થી તા.૧૧/૦૬/૨૦૧૯ દરમ્યાન "પર્યાવરણ અને સ્વચ્છતા અભિયાન" વિષય પર સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવાની હોઈ આ સફાઇ ઝુંબેશમાં તમામ નાગરિકો સહભાગી થાય, લોકોમાં સ્વચ્છતા અંગેની જાગૃતિ આવે અને સ્વચ્છતાની ટેવો કેળવાય તે માટે જાહેર સ્થળોની સઘન સફાઇ માટે નીચે જણાવ્યા મુજબની કામગીરી કરવા જણાવવામાં આવે છે.



Scanned by CamScanner

| | પ્રવૃતિની વિગત | સફાઈ પ્રવૃત્તિ |
|---|---|---|
| ૦૫/૦૬/૨૦૧૯ | • "વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી અંતર્ગત " બીટ એર પોલ્યુશન " સપ્તાહની શુભારંભ.<br>• શહેરમાં જાહેર સ્થળે પ્રતિજ્ઞા લેવા માટેના કાર્યક્રમનું આયોજન કરવું અને આ કાર્યક્રમમાં સ્વચ્છતા એમ્બેસેડર, સ્વચ્છાગ્રહી, અગ્રગણીય નાગરીકો, મહાનુભાવો, ચુટાયેલા પ્રતિનિધીઓ, NGO, મંડળો, સરકારી કચેરીઓ જેમા ખાસ વાહના વ્યવહાર વિભાગ,પોલીસ વિભાગ,ઇન્ડસ્ટ્રી વિભાગ, ઉર્જા વિભાગ તથા શહેરના નાગરીકોને જોડી જનજાગૃતિ રેલી તથા જાહેર સમારંભ કરવો. | • શહેરના તમામ એન્ટ્રી પોઇન્ટસની સફાઈ<br>• સફાઈના સાધનો જેવા કે જેસીબી,લોડર, ટ્રેક્ટર-ટ્રેલર, ટ્રીપીંગ વાન, સફાઈ કામદારો, NSS, NCC વિદ્યાર્થી, NGO, વોલન્ટીયર ગ્રુપ, ધાર્મિક સંસ્થાઓ, દ્વારા વેસ્ટ પ્લાસ્ટિક બોટલ, પોલીથીન બેગ, પાઉચ, પ્લાસ્ટિક રેપર્સ વિગેરેની સામુહિક સફાઈ<br>• સ્વચ્છ હવા સ્વાસ્થ્ય માટે કેટલી જરૂરી છે તે બાબતે માહિતગાર કરવા અને હવા પ્રદુષિત ન થાય તે માટેની માહિતી આપવી.<br>• હવાનું પ્રદુષણ કરવા ઘટાડવા અને તેને સંપૂર્ણ પણે નાબૂદ કરવા વૃક્ષા રોપણનો કાર્યક્રમ એક ઝુંબેશ સ્વરૂપે હાથ ધરવી. |
| ૦૬/૦૬/૨૦૧૯ | • પાંદડા બાળવા પર સખત કાર્યવાહી કરી અમલમાં મુકવી તથા સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ નિયમ ૨૦૧૬ મુજબ અપરાધીઓને દંડની જોગવાઈ કરી પગલા લેવા. | • સુકા પાંદડા બાળવામાં ન આવે તે માટે ઝુંબેશ હાથ ધરવી. નાગરિકોને સમજણ માટે બગીચા કે અન્ય જગ્યાએ કાર્યરત કમ્પોસ્ટીંગ પ્લાન્ટની મુલાકાત લેવડાવી.<br>• RWA, સ્કુલ, તેમજ બગીચો ધરાવતી સંસ્થાઓ પાંદડા બાળવાના બદલે નગરપાલિકાને કમ્પોસ્ટીંગ માટે આપે તે માટે પ્રોત્સાહિત કરવા<br>• નગરપાલિકાના વિસ્તારમાં કચરો બાળતા લોકો વિરુદ્ધ ફરિયાદ કરનારા અને માહિતી આપનારને પ્રોત્સાહક ઇનામ આપવું. |
| ૭/૦૬/૨૦૧૯ | • મહાનગરપાલિકા/નગરપાલિકામાં ઉર્જા કાર્યક્ષમ બલ્બ તથા અન્ય ઇલેક્ટ્રિક ઉપકરણોને ઉપયોગમાં લેવા તથા મનપા/નપા હદ વિસ્તારમાં આવતા કોમર્શીયલ બિલ્ડીંગ, મકાનો, સ્કૂલોમાં પણ આ પ્રકારના ઉપકરણો ઉપયોગ કરવા નાગરીકોને પ્રોત્સાહિત કરવા. (ઉર્જા વિભાગ સાથે) | • શહેરીજનો દ્વારા મોટા વાહનો/અંગત વાહનોનાં બદલે ઇકો ફ્રેન્ડલી વાહન વ્યવહાર કાર પુલિંગ સેવા (અંગત કાર કે વાહનને બદલે ભાડાની કારમાં બે થી ત્રણ), સાઈકલ, પબ્લિક ટ્રાન્સપોર્ટનો ઉપયોગ કરવા પ્રોત્સાહન આપવું. ઉર્જાનાં પરંપરાગત સ્ત્રોતોથી નાગરીકોને માહિતગાર કરવા<br>• તળાવ,વાંકળા,નદી-નાળા અન્ય વોટર બોડીની સફાઈ<br>• ૫૦ માઇક્રોનથી ઓછી જાડાઇ વાળા પ્લાસ્ટિક જપ્તીની કામગીરી |



Scanned by CamScanner

| | | |
|---|---|---|
| ૦૬/૨૦૧૯ | • વાહન વ્યવહાર વિભાગ/ટ્રાફિક વિભાગને સાથે જોડી શહેરમાં પ્રદુષણ કરતા વાહનોની તપાસ | • પ્રદુષણ કરતા વાહનોની તપાસ - PUC ડ્રાઈવ<br>• નાગરિકોને જોડી આસપાસના વિસ્તારમાં પ્લોગીંગ રન (જોગીંગ કરતા કરતા કચરો વીણવો)નું આયોજન કરવું.<br>• આઉટગ્રોથ વિસ્તારની સફાઈ |
| ૦૯/૦૬/૨૦૧૯ | • સ્વચ્છતાના તમામ માપદંડનાં આધારે "સ્વચ્છ વોર્ડ" સ્પર્ધાનું આયોજન કરવું.<br>• કચરાના નિકાલ માટે શહેરથી દુર તૈયાર કરવામાં આવેલ સેન્ટ્રલાઇઝ માળખાને શહેરમાં જુદી જુદી જગ્યાએ ટકાઉ માળખામાં પરિવર્તિત કરવા કામગીરી હાથ ધરવી.<br>• RWA અને ઘરોમાં કચરાના બે ભાગમાં વર્ગીકરણને ફરજીયાત બનાવવું. | • ધાર્મિક સ્થળો, હેરીટેજ સ્થળો, પ્રવાસન સ્થળો, શોપિંગ મોલ અને તેના આસપાસનાં વિસ્તારની સફાઈ<br>વિદ્યાર્થી, NGO, વોલન્ટીયર ગ્રુપ. ધાર્મિક સંસ્થાઓ, દ્વારા વેસ્ટ પ્લાસ્ટિક બોટલ. પોલીથીન બેગ, પાઉચ, પ્લાસ્ટિક રેપર્સ વિગેરેની સામુહિક સફાઈ |
| ૧૦/૦૬/૨૦૧૯ | • મનપા/નપા નાં સ્ટાફને કચરાના નિકાલ માટે અત્યાધુનિક ટેકનોલોજી વિષે માહિતગાર કરવા તથા અન્ય ટ્રેનીગ આપવી તથા કચરાના નિવારણ, રીસાઈકલ, કમ્પોસ્ટીંગ, ઉર્જાના પુન:પ્રાપ્તિની વ્યવસ્થા ઉભી કરવી.<br>• કચરાના ઘટાડા માટેની યોજનાઓ પોલ્યુટર પે, કમ્પોસ્ટીંગ, બાયોમીથેનેશન પ્લાન્ટ, RDF પ્લાન્ટને પ્રોત્સાહન આપવું.<br>• શહેરમાં વિકેન્દ્રિત કમ્પોસ્ટીંગ,બાયોમીથેનેશન પ્લાન્ટ, C & D પ્લાન્ટ શરુ કરવાનું આયોજન કરવું. | • ઘન કચરા,પ્લાસ્ટિક કચરા માંથી ઓઈલ બનાવતી ટેકનોલોજીને પ્રોત્સાહન પૂરું પાડવું.<br>• બસ સ્ટેન્ડ, રેલ્વે સ્ટેન્ડ, રીક્ષા સ્ટેન્ડની સફાઈ<br>મ.ન.પા/ન.પા.એ ઇન્ડસ્ટ્રી વિભાગ, GPCB સાથે સંકલનમાં રહી વિસ્તારમાં આવેલ પ્રદુષણ કરતી ફેક્ટરી,કંપનીની તપાસ હાથ ધરી સખત કાર્યવાહી કરવી. |
| ૧૧/૦૬/૨૦૧૯ | • હયાત કચરાના નિકાલ માટે ઘન કચરા, પ્લાસ્ટિક કચરા, C & D કચરાના વ્યવસ્થાપન નિયમોનું કડક અમલીકરણ કરવું,તથા ભારત સરકારના ડસ્ટ મીટીગેશન નોટીફીકેશન ૨૦૧૮નું અમલીકરણ કરવું.<br>• શહેરના સંભવિત સર્વે દ્વારા શહેરનાં કચરાની સફાઈ માટે મશીનની વ્યવસ્થા ઉભી કરવી.<br>• વૃક્ષા રોપણ | • ખુલ્લા પ્લોટ શાળા,કોલેજો, આરોગ્ય કેન્દ્રો. મેડીકલ કોલેજો અને સરકારી કચેરીઓની સફાઈ.<br>૫૦ માઈક્રોનથી ઓછી જાડાઈ વાળા પ્લાસ્ટિક જપ્તીની કામગીરી |



Scanned by CamScanner

**પ્રિન્ટ,સોશિયલ મીડિયા, ક્રિએટીવનાં માધ્યમથી પ્રચાર પ્રસાર**

- બીટ એર પોલ્યુશન થીમ પર મહિના દરમ્યાન મીડિયા દ્વારા પ્રચાર પ્રસાર
- સ્વચ્છ મંચ ઉપર તમામ પ્રવૃતિઓની વિગતો ફોટોગ્રાફ્સ સાથે અપલોડ કરવી
- લોકલ ન્યુઝ ચેનલ, પ્રિન્ટ મીડિયા સાથે દુરદર્શન અને ઓલ ઇન્ડિયા રેડીયોના માધ્યમથી પ્રચાર પ્રસાર
- સોશિયલ મીડિયા જેવા કે ફેસબુક, ટીવીટર, વોટ્સએપ ગ્રુપનાં માધ્યમથી ફોટોગ્રાફ અપલોડ કરવા
- ભારત સરકાર અને મનપા/નપા દ્વારા "બીટ એર પોલ્યુશન" ટેગ લાઈન દ્વારા તૈયાર કરેલ પોસ્ટર,હોર્ડિંગ,વિડીયો,ઓડિયો દ્વારા પ્રચાર પ્રસાર
- ફેસબુક, ટવીટર પર અપડેટ કરતી વખતે @Swachhbharatgov, #MycleanIndia #swachhbharat #worldenvironmentsday #beatairpollution #sayyestoless સાથે ફોટો અપલોડ કરવા.
- આ સપ્તાહની દૈનિક માહિતી ફોટોગ્રાફ્સ સાથે નિયત પત્રકમાં ઇમેલ દ્વારા sbmu.gujarat@gmail.com પર મોકલવાની રહેશે.
- વિશ્વ પર્યાવરણ દિવસના ઉપક્રમે યોજાયેલ કાર્યક્રમમાં/ વર્કશોપમાં સપ્તાહ દરમ્યાન ગંદકી ન ફેલાય તેની ખાસ કાળજી લેવી. ડીસ્પોઝલ કટલરીનો કાર્યક્રમમાં ઉપયોગ કરવો નહિ.

ઉપરોક્ત જણાવેલ કામગીરી માટેની સઘન વ્યવસ્થા ઉભી કરીને તે માટેની આનુષાંગિક કામગીરી હાથ ધરવાની રહેશે. તેમજ તા.૦૫/૦૬/૨૦૧૯ થી તા.૧૧/૦૬/૨૦૧૯ દરમ્યાન. મહાનગરપાલિકા/નગરપાલિકાએ પોતાના વિસ્તારમાં આવેલ એસ.ટી નિગમના બસ સ્ટેન્ડ,ડેપો, સરકારી હોસ્પિટલો, મેડીકલ કોલેજો, પુરવઠા નિગમના ગોડાઉન, તમામ શૈક્ષણિક સંકુલો વગેરેની સફાઈ જેતે કચેરીના અધિકારી/કર્મચારી તથા તેમની આઉટસોર્સ એજન્સીઓનો સહકાર લઇ કરવાની રહેશે. આ સપ્તાહ દરમ્યાન તથા હવે પછી કોઈ પણ કાર્યશિબિર, રેલીઓ અને જાહેર કાર્યક્રમોમાં પ્લાસ્ટીકનો ઉપયોગ ન કરવા જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(જી.પી. પટેલ)
નાયબ સચિવ
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,
ગાંધીનગર



Scanned by CamScanner

પ્રતિ,

- માનનીય મુખ્યમંત્રીશ્રીના,અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માનનીય મંત્રીશ્રી / રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ. સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના સંયુકત સચિવશ્રી, બ્લોક નં. ૧, પાંચમો માળ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, (હાઉસીંગ અને નિર્મળ ગુજરાત) શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- સભ્ય સચિવશ્રી, ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, સેકટર-૧૦(એ), ગાંધીનગર
- સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ
  સર્વે કલેકટરશ્રીઓ
- સર્વે પ્રાદેશિક કમિશ્નરશ્રીઓ
- સર્વે ચીફ ઓફિસરશ્રીઓ.

} સ્વચ્છ ભારત મિશન દ્વારા પરિપત્રિત કરવાની વિનંતી સહ

- શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તાબા હેઠળની ખાતાનાં વડાની કચેરીઓ.
- વિભાગનાં તમામ અધિકારીઓ અને શાખાઓ.
- સિલેકટ ફાઇલ.

Scanned by CamScanner